**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા**

**કચ્છ યુનિવર્સિટી**

**એક્ષટર્નલ ( બાહય ) અભ્યાસક્રમોમાં પ્રવેશ જાહેરાત વર્ષ ૨૦૧૭– ૧૮**

કચ્છ યુનિવર્સિટીમાં એક્ષટર્નલ (બાહય) અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિધાર્થીઓને જણાવવાનું કે આ યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૭ – ૧૮ ના શૈક્ષણિક વર્ષ માટે બી.એ. / બી.કોમ.અને એમ.એ. / એમ.કોમ. ના એક્ષ્ટર્નલ ( બાહય ) અભ્યાસક્રમમાં પ્રવેશ કાર્યવાહી શરૂ થનાર છે. બી.એ./બી.કોમ. સેમેસ્ટર ૧ થી ૬ અને એમ.એ./એમ.કોમ.સેમેસ્ટર ૧ થી ૪ ના ફોર્મ કચ્છ યુનિવર્સિટીની વેબસાઈટ kskvku.digitaluniversity.ac પરથી ઓનલાઈન ભરી પ્રવેશ ફી ઓનલાઈન મોડ અથવા ચલણથી ભર્યા બાદ યુનિવર્સિટી ખાતે રૂમ નં. ૧૧૪ (એકેડમિક વિભાગ) માં રૂબરૂમાં અસલ પ્રમાણપત્રોનું વેરીફીકેશન કરાવી આ ફોર્મ યુનિવર્સિટી ખાતે રૂબરૂમાં જમા કરાવાનું રહેશે ત્યારબાદ જ પ્રવેશ કનર્ફોમ થશે. ઓનલાઈન ફોર્મ ભરવા માટેની માહિતી મેળવવા માટેના હેલ્પલાઈન નં. ૦૨૮૩૨ – ૨૨૯૦૭૫ છે.ઓનલાઈન ફોર્મ ભરવા માટેની સુચના તથા ગાઈડલાઈન / વિષય પસંદગીની સૂચના / અચૂક વાંચીને જ ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી કરવી. વેબસાઈટ પરથી ઓનલાઈન ભરેલા ફોર્મની હાર્ડકોપી જમા કરવી ફરજીયાત છે.

બી.એ. / બી.કોમ. સેમેસ્ટર – ૧ / ૩ /૫ અને એમ.એ. / એમ.કોમ. સેમેસ્ટર – ૧/૩ ની પરીક્ષાઓ નવેમ્બર / ડીસેમ્બર ૨૦૧૭ માં અને બી.એ. / બી.કોમ. સેમેસ્ટર – ૨ / ૪ / ૬ અને એમ.એ. / એમ.કોમ. સેમેસ્ટર – ૨ / ૪ પરીક્ષાઓ માર્ચ / એપ્રિલ ૨૦૧૮ માં લેવામાં આવશે. આ એક્ષટર્નલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટેના ફોર્મ ભરવાની તારીખો આ મુજબની છે.

**તા. ૨૪/૦૭/૨૦૧૭ થી ૨૪/૦૮/૨૦૧૭ સુધી (લેઈટ ફી વગર)**

**તા. ૨૬/૦૮/૨૦૧૭ થી ૧૧/૦૯/૨૦૧૭ સુધી (રૂા.૨૫૦/– લેઈટ ફી સાથે)**

ઓનલાઈન ભરેલા ફોર્મ **તા. ૧૩/૯/૨૦૧૭** સુધી બીજા તથા ચોથા શનિવાર અને જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ અને ૩.૦૦ થી ૪.૦૦ કલાક દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલય (એકેડમિક વિભાગ રૂમ નં. ૧૧૪) માં સ્વીકારવામાં આવશે. ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીએ પોતાના તમામ પ્રયાસ પ્રમાણપત્રોની અસલ તથા એક એક પ્રમાણિત ઝેરોક્ષ નકલ ફોર્મ સાથે બિડવી ફરજીયાત છે. ફોર્મ ભરવા વિદ્યાર્થીએ રૂબરૂ જ હાજર રહેવું અન્યથા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

તા. ૨૦/૭/૨૦૧૭

**ઈ.ચા.કુલસચિવ**

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,
મુન્દ્રા રોડ ભુજ–કચ્છ ૩૭૦૦૦૧
Email:- info@kskvkachchhuniversity.org

ફોન નં (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૨
web : kskvkachchhuniversity.org

રેફ/ક.યુ./જાહેરાત /૧૭/ તાઃ–૨૦/૦૭/૨૦૧૭

પ્રતિ,
નાયબ જીલ્લા માહિતી અધિકારીશ્રી,
જીલ્લા માહિતી અધિકારીશ્રીની કચેરી,
ભૂજ – કચ્છ.

**વિષય :– એક્ષ્ટર્નલ પ્રવેશ માટેની જાહેરાત પ્રસિધ્ધ કરવા બાબત......**

**શ્રીમાન,**

જય ભારત સાથ જણાવવાનું કે, આ સાથે સામેલ રાખેલ જાહેરાત કચ્છના કોઈ પણ એક લોકલ દૈનિક અખબારમાં સૌની નજર પડે તે રીતે પ્રસિધ્ધ કરાવવા અને તે અંગેનું સરકારી ધારાધોરણ મુજબનું બિલ નકલ – ૩ માં અત્રેની કચેરીને મોકલાવી અપાવવા વિનંતી.

આભાર સહ.

**આપનો વિશ્વાસુ**

**ઈ.ચા. કુલસચિવ,**
**કચ્છ યુનિવર્સિટી, ભૂજ**